# વસિષ્ઠ જેનસીસ સ્કૂલ-બાબેન. (ગુજરાતી માધ્યમ) D:12-07-2024

" વિદ્યાર્થી એટલે શિક્ષિત સમાજ, ધર્મ, રાષ્ટ્ર અને સંસ્કૃતિની ધરોહર."

---

સ્નેહી વાલીશ્રી, સ્નેહાર્દ વંદન

સવિનય જણાવવાનું કે આપની શાળામાં બાળકોના સર્વાંગી વિકાસ માટે મોરલ એજ્યુકેશન માટે અને બાળકોમાં પ્રામાણિકતા લીડરશીપ સાંસ્કૃતિક -આધ્યાત્મિક સંવર્ધન, સ્વચ્છતા વગેરે જેવા બહુમૂલ્ય ગુણો વિકસે તેમજ શાળા દ્વારા બાળકોમાં લાંબા ગાળે ખૂબ જ મોટું પરિવર્તન લાવનારા, બાળકોને વિઝનરી બનાવનાર બાળકોના રસના વિષયોને ઢંઢોળનાર, બાળકોની અંદર રહેલી સુષુપ્ત શકિતને જગાડનાર બાળકોના વિચારોને મુક્ત વાતાવરણમાં રજૂ કરવાની હિંમત અપાવનાર એક અલગ જ પ્રકારના **Vasishtha Student Presentation** નો પ્રયોગ શાળામાં ચાલી રહયો છે તે આપ જાણો છો. જેનાથી બાળકોમાં વકતૃત્વ શકિત ખીલશે અને આત્મવિશ્વાસ નિર્માણ થશે.

## V.S.P.-Vasishtha Student Presentation.

## V.S.P. શા માટે ....?

આપણામાંથી મોટા ભાગની એવી ફરિયાદ હોય છે કે ......

- મારા બાળકને શાળામાં રજૂઆત કરવાનું યોગ્ય પ્લેટફોર્મ કે તક મળતી નથી.
- કોઈ પણ પ્રવૃત્તિ હોય કે સ્પીચ આપવાની હોય તો કલાસમાં જે બે પાંચ એકિટવ વિદ્યાર્થી હોય તેમને જ તક વારંવાર મળતી

હોય છે. જયારે કલાસના બાકીના **80** થી **90 %** જેટલા વિદ્યાર્થીઓને માત્ર પ્રેક્ષક તરીકે જ કામ કરવાનું હોય છે.

- બાળકો પણ એવું માની લેતા હોય છે કે આ કામ મારા માટે નથી...આ કામ હું ન કરી શકું...... આ કામ માટે તો પેલાને અથવા પેલીની જ શિક્ષક દ્વારા પસંદગી કરવામાં આવશે, આપણી પસંદગી ન થાય વગેરે વગેરે...
- ઉપરાંત શાળાની પણ મર્યાદા હોય કે ટૂંકા સમયમાં કોઈ પણ પ્રોગ્રામ કરવાનો થતો હોય તો જે વિદ્યાર્થીમાં ટેલેન્ટ છે,

તેવા વિદ્યાર્થીઓને વારંવાર તક આપવામાં આવે. દરેક વિદ્યાર્થીઓને પ્લેટફોર્મ આપી શકાતું નથી.

## V.S.P. માં શું હશે .... ?

## ઉપરના તમામ પ્રશ્નોનું સોલ્યુશન હશે V.S.P. માં .....

- દરેક બાળકોને પોતાના વર્ગમાં **V.S.P.** ના તાસમાં વધુમાં વધુ 10 મિનિટ સુધી પ્રેઝન્ટેશન આપવાનું રહેશે. જેમાં તેમને મન પસંદ વિષય, ટોપીક ઉપર અભ્યાસને લગતો હોય કે અભ્યાસ બહારનો હોય. ધાર્મિક, સામાજિક, રાજકીય, વર્તમાન પરિસ્થિતિ ઉપર કે પોતાના ધ્યેયને અનુલક્ષીને કે પોતે ભવિષ્યમાં શું કરવા માંગે છે...? શું બનવા માંગે છે... ? પોતાના કુટુંબને અનુલક્ષીને હોય... નાના બાળકો હોય તો વાર્તા, જોડકણાં, ઉખાણાં, કક્કા-બારાક્ષરી, આંક, ગીત વગેરે તેઓને જેમાં રસ હોય તે કોઈ પણ બાબત ઉપર બોલી શકે, પ્રેઝન્ટેશન આપી શકે છે.
- આમ એક સત્રમાં 10 મિનિટ એમ એક વર્ષમાં ઓછામાં ઓછું 20 મિનિટ સુધી શાળામાં ભણતા દરેક વિદ્યાર્થીઓ કોઈ પણ ટોપીક ઉપર પ્રેઝન્ટેશન આપશે.

## V.S.P. થી બાળકોમાં શું બદલાવ આવશે....?

- બાળક બોલતો થશે.
- બાળક કંઇક સારું શોધતો થશે, સંશોધન કરતો થશે.
- બાળકને કંઈક બોલવું છે આથી તે શાળામાં શિક્ષકની, લાઈબ્રેરીની, ઘરે મમ્મી-પપ્પાની, ઈન્ટરનેટની મદદ લેતો થશે.
- બાળક વિચારતો થશે, પુસ્તકો વાંચતો થશે.
- બાળક ઈન્ટરનેટનો સાચો ઉપયોગ કરતો થશે.
- બાળક જયારે જાહેર ક્ષેત્રમાં આવશે ત્યારે કોઈ પણ લેવલનું, કોઈપણ પ્રકારનું પ્રેઝન્ટેશન બનાવવાનું એ વસિષ્ઠના બાળકો માટે આસાન હશે.
- બાળકના રસનો વિષય, રસનું ક્ષેત્ર તેમજ દર વર્ષે બાળકમાં કેવું પરિવર્તન આવે છે તેની વાલીને, શિક્ષકને અને તેમના મિત્રોને જાણ થશે.

## V.S.P. કેવી રીતે કરવામાં આવશે...?

- ધો.1. થી ધો.9 ના દરેક વિદ્યાર્થીએ V.S.P. માં ભાગ લેવો ફરજિયાત છે.
- દરેક વર્ગમાં V.S.P. માટે તાસ ફાળવવામાં આવશે.
- વર્ગમાં જે વિદ્યાર્થીઓનો V.S.P. માટે વારો હોય તેમને એક અઠવાડિયા પહેલાં જાણ કરવામાં આવશે.
- V.S.P. ના એક પિરીયડમાં બે થી ત્રણ વિદ્યાર્થીઓ પ્રેઝન્ટેશન રજૂ કરશે.
- પ્રત્યેક વિદ્યાર્થીને વધુમાં વધુ 10 મિનિટ આપવામાં આવશે.
- જે વિદ્યાર્થીઓને પ્રેઝન્ટેશનનો વારો હોય તેમની જવાબદારી કોઈ એક શિક્ષકને આપવામાં આવશે જે વિદ્યાર્થીને પ્રેઝન્ટેશમાં મદદ કરી શકે.
- વિદ્યાથીએ પ્રેઝન્ટેશનમાં કેવી રજૂઆત કરી છે, કઈ સારી બાબત છે, કઈ સુધારવા જેવી બાબત વગેરે માહિતીનું એક ફીડબેક ફોર્મ શિક્ષક દ્વારા ભરવામાં આવશે.
- પ્રેઝન્ટેશનના અંતે નિરીક્ષણ કરનાર શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓના પ્રેઝન્ટેશનને અનુલક્ષીને પ્રોત્સાહક પ્રતિભાવ આપવામાં આવશે.
- પ્રેઝન્ટેશનની જો શકય હશે તો વિડીયોકિલપ ઉતારવામાં આવશે. બાળકની વિડિયોકિલપ આપને WhatsApp દ્વારા મોકલવામાં આવશે.
- V.S.P. અંગે આપશ્રીના રચનાત્મક વિચારો, સૂચનો, પ્રતિભાવો આવકાર્ય રહેશે.
- દઢ સંકલ્પ સાથે અમો V.S.P. ની શરૂઆત કરી રહયાં છીએ તો આપશ્રી તરફથી બાળકોને, શિક્ષક મિત્રોને અને શાળાને સારો સાથ સહકાર મળતો રહેશે એવી અપેક્ષાસહ...

આચાર્યશ્રી
વસિષ્ઠ જેનેસીસ સ્કૂલ, બાબેન.(ગુજરાતી માધ્યમ)

વાલીશ્રીની સહી............................